# પ્રેસનોટ

---

## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારાપ્રગતિશીલ ખેડૂતો માટે 'પ્રાકૃતિક કૃષિ' તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા.૨૭ ફેબ્રુઆરી થી ૦૩ માર્ચ,૨૦૨૩ દરમ્યાન પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ અંતર્ગત ખેડૂતો માટેનો તાલીમ કાર્યક્રમ આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ. સદર તાલીમમાં અમદાવાદ તથા સુરેન્દ્રનગર જીલ્લાના પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા ૪૬ ખેડૂતોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો, જેમાં ખાસ કરીને ૧૧ મહિલા તાલીમાર્થીઓ સામેલ હતી. તાલીમ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહમાં પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, ડૉ. વી. જે. પટેલે પ્રાકૃતિક કૃષિની જરૂરિયાત વિશે ખેડૂતોને માહિતગાર કરેલ તેમજ તાલીમનો ઉદ્દેશ સમજાવેલ. સદર તાલીમ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામ જેવા કે પોષણ વ્યવસ્થા, જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ, નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણિઅર્ક, આચ્છાદન, મિશ્રપાકોની પસંદગી તથા દેશી ગાયનું મહત્વ વગેરે વિષય અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ, જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ–શાકભાજી-ફળ વગેરે ઉત્પાદન કરી વધુ સારૂ વળતર મેળવી શકે. તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિશે વધુ પ્રેરણાબળ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત અરૂણકુમાર શાહ, સંજીવની ફાર્મ, પીપળાતા તથા ઉમેશગીરી ગોસ્વામી, ગીરી ફાર્મ, નરસંડા તથા એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિના સંશોધન અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી.

તાલીમ કાર્યક્રમના અંતમા પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, ડૉ. વી. જે. પટેલના હસ્તે પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

પ્રાકૃતિક કૃષિના કાર્યક્રમના અંતમાં તાલીમ લીધેલ ખેડૂતોનો અભિપ્રાય પણ લેવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. જી. એન. મોટકા તથા ડૉ. પી. એમ. પટેલ અને ડૉ. વી. વાય. પટેલ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

# <u>પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>








